# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-12-2024 Day : wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## બંધારણના ગૌરવશાળી 75 વર્ષ

રાજ્યસભામાં ગઈકાલે બંધારણનાં ગૌરવશાળી 75 વર્ષ પરની વિશેષ ચર્ચાનો પ્રારંભ થયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતુ કે, બંધારણએ ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાનું મિશ્રણ છે. વધુમાં તેમણે જણાવ્યું કે સરદાર પટેલને કારણે દેશ આજે વિશ્વ સમક્ષ મજબૂત બનીને ઊભો છે.

ચર્ચાનો પ્રારંભ કરતા ગૃહના નેતા અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે , ભારત સૌથી મોટી લોકશાહી હોવાની સાથે લોકશાહીની જનની છે. ભારતીય નૈતિકતા મુજબ , લોકશાહીમાં સ્વતંત્રતા, સ્વીકાર્યતા, સમાનતા અને સર્વસમાવેશકતાનો સમાવેશ થાય છે , જે નાગરિકોને ગૌરવ પૂર્ણ જીવન જીવવાની મંજૂરી આપે છે. વધુમાં તેમણે કહ્યું કે , રાષ્ટ્ર બંધારણ સભાના સભ્યોનું ઋણી છે જેમણે ભારતીય બંધારણને આકાર આપ્યો.

-----------------------------------------------------------------------------------------

## પ્ર.મંત્રી શ્રી મોદી- રાજસ્થાન - પ્રોજેકટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે જયપુરમાં 46 હજાર 300 કરોડ રૂપિયાથી વધુની કિંમતના ઊર્જા, માર્ગ, રેલ્વે અને પાણી સંબંધિત 24 પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. શ્રી મોદીએ રાજસ્થાનની ભજનલાલ શર્મા સરકારના એક વર્ષની સમાપ્તિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે 11,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 9 પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું, જેમાં કેન્દ્ર સરકારના 7 પ્રોજેક્ટ અને રાજ્ય સરકારના 2 પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તેમણે 35,300 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 15 પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો.

શ્રી મોદીએ જણાવ્યું કે જળ સંચયએ સમયની જરૂરિયાત છે અને દેશના દરેક નાગરિકે તેમાં યોગદાન આપવું જોઈએ તેમણે કહ્યું કે ઘણા રાજ્યોમાં જનભાગીદારી સાથે મોટી સંખ્યામાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ માળખાં બનાવવામાં આવી રહ્યા છે.

---

## રાષ્ટ્ર-પતિ શ્રી મુર્મુ – દિક્ષાંત સમારોહ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, ભારત મેડિકલ ટુરિઝમના સસ્તા કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે અને આ પ્રગતિમાં ડોકટરો મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ ગઈકાલે આંધ્રપ્રદેશમાં AIIMS મંગલાગિરીના દીક્ષાંત સમારોહને સંબોધિત કરી રહ્યાં હતાં. રાષ્ટ્રપતિ મુર્મુએ માનવતાની સેવા કરવાના માર્ગ તરીકે તબીબી વ્યવસાયની પ્રશંસા કરી. તેમણે ડોકટરોને સેવા, સતત ભણતર અને સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી.

---

## કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે , રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા - NTA વર્ષ 2025થી માત્ર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મા ટેની પરિક્ષા જ લેશે. એનટીએ ભરતી પરિક્ષા નહીં લે.

---

## અયોધ્યા રામ મંદિર – ઓનલાઈન નોંધણી

અયોધ્યા રામમંદિરના દર્શન કરવા ઈચ્છુક યાત્રાળુઓ આગામી 31 ડિસેમ્બર સુધીમાં yatradham.gujarat.gov.in વેબસાઈટ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. ઉપરાંત 99784 12284 નંબર પર ફોન કરી અરજી અંગે માહિતી મેળવી શકશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા શ્રીરામ જન્મભૂમિ- મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અંતર્ગત વિશેષ આયોજન કરાયું છે, તેમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડની યાદીમાં જણાવાયું છે.

યાત્રાળુઓએ પોતાની અરજીમાં યાત્રાની તારીખ , યાત્રાળુઓની સંખ્યા , યાત્રાની શરૂઆત તથા પૂર્ણ થયાનું સ્થળ , અરજી તારીખ, અરજી કરનારની સહી. ફોન કે મૉબાઈલ નંબર , ઈ-મેઈલ આઈડી અંગેની સ્પષ્ટતા કરવી પડશે. તેમજ અરજી સાથે આધારકાર્ડ , જાતિ પ્રમાણપત્ર , શાળા છોડ્યાનું પ્રમાણપત્ર , બેન્કની વિગતોની સ્વપ્રમાણિત નકલ જોડવી પડશે. ઉપરાંત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડની ગાંધીનગરની કચેરી ખાતે ટપાલ દ્વારા મોકલાયેલી અરજી પણ સ્વીકારવામાં આવશે. આ અરજી પ્રવાસની તારીખના 10 દિવસ પહેલા કરવાની રહેશે.

---

## કચ્છ યુનિવર્સિટી – દિક્ષાંત સમારોહ

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે આ જે ૧૪મો પદવિદાન સમારંભ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાશે. આ સમારંભમાં ૩૮ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક સહિત ૫ હજાર ૫૩૦ છાત્રોને પદવી આપવામાં આવશે. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાશે.

---

## ઠંડી

ઉત્તરાદા ઠંડા પવનની ઝડપમાં સામાન્ય ઘટાડો થયો હોવા છતા જિલ્લાવાસીઓને ઠંડીથી રાહત મળી નથી. લઘુત્તમ ઉષ્ણાતામાનમાં સામાન્ય વધઘટ સાથે ઠારનો પ્રભાવ યથાવત રહ્યો છે. રાજ્યના સૌથી શિતમથક એવા નલિયામાં લઘુત્તમ ઉષ્ણાતામાન 6.5 ડિગ્રી નોંધાયું હતું.

---